**સોગંદ આપ્યા.....**

**અરજદાર રૂબીના ઈકબાલભાઈ પઠાણની આંક-૧૧ની સરતપાસ લગત સામાવાળા નં. ૨ થી ૬ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.એમ. વાઘેલા**

**૧.** મારા પ્રથમ લગ્ન ઈરફાન રજાક ઘોણીયાની સાથે મુંબઈ મુકામે થયેલા. મારા પ્રથમ લગ્ન ૨૦૦૫ના વર્ષમાં થયેલા અને મારા પ્રથમ લગ્નના પતિ સને ૨૦૧૭ના વર્ષમાં ગુજરી ગયેલા. મારા પ્રથમ લગ્નજીવનથી એક પુત્ર રેહાનનો જન્મ થયેલો જે હાલ ૧૯ વર્ષનો છે અને મારી સાથે રહે છે. એ વાત ખરી નથી કે મારા પ્રથમ લગ્ન બાદ હું મારા પ્રથમ લગ્નના સાસુ,સસરા સાથે રહેતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પ્રથમ લગ્ન થયા તે પહેલાથી જ મારા પ્રથમ લગ્નના સાસુ,સસરા હયાત ન હતા. મારા પ્રથમ લગ્નના પતિના નામે કોઈ મીલ્કત ન હતી અમે ભાડાના મકાનમાં રહેતા હતા. એ વાત ખરી છે કે મારા પ્રથમ લગ્ન, મારા પ્રથમ લગ્નના નણંદ અને પ્રથમ લગ્નના દીયરે કરાવેલા. મારા પ્રથમ લગ્નના પતિ કોઈકની દુકાનમાં મજુરી કામ કરતા હતા. એ વાત ખરી નથી કે મારા પ્રથમ લગ્નથી થયેલ પુત્ર રેહાનની તમામ જવાબદારી મારા પ્રથમ લગ્નના કુટુંબીજનોની રહે છે.

**૨.** ઈકબાલભાઈ સાથે મોબાઈલ દ્રારા સંબંધ થયેલો. મારા આ કામના સામાવાળા નં. ૧ સાથે લગ્ન શાદી ડોટ કોમના માધ્યમથી નકકી થયેલા. એ વાત ખરી છે કે મારા સામાવાળા નં. ૧ સાથેના બીજા લગ્ન બંન્નેના પરીવારની મરજીથી થયેલા. એ વાત ખરી છે કે હું આ કામના સામાવાળાઓ સાથે સંયુકત કુટુંબમાં એક વર્ષ સુધી રહેલ છું. એ વાત ખરી નથી કે એક વર્ષ બાદ હું મારા પતિ સાથે સામાવાળા નં. ૨ થી ૬ના ઓથી અલગ મકાનમાં રહેવા ગયેલી. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા નં. ૧ સાથેના લગ્નજીવનથી મારે કોઈ સંતાનનો જન્મ થયેલ નથી. એ વાત ખરી છે કે મારા પ્રથમ લગ્નજીવનથી જન્મેલ સંતાન રેહાનની તમામ જવાબદારીઓ આ કામના સામાવાળા નં. ૧ના ઓએ સામાવાળા નં. ૨ થી ૬ની સંમતિથી લીધેલ હોવાનો કોઈ લેખીત કરાર થયેલ નથી અને તેવો લેખીત કરાર મે આ કામે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારી વચ્ચે મૌખિક સંમતિથી આ બાબત નકકી થયેલી. એ વાત ખરી છે કે મારી આંક-૧ની અરજીમાં મૌખિક સંમતિથી મારા પુત્ર રેહાનની જવાબદારી આ કામના સામાવાળા નં. ૧નાએ સામાવાળા નં. ૨ થી ૬ના ઓની સંમતિથી સ્વીકારેલ હોવાની વિગતો લખેલ નથી. એ વાત ખરી છે કે કરીયાવરમાં રુપીયા એકાવન હજાર રોકડા તથા કપડા લતા, દરદાગીના વગેરે કરીયાવર આપેલું તે અંગેનું કોઈ લખાણ કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળાઓએ મને મેણાટોણા મારતા ન હતા. એ વાત ખરી નથી કે મારા પતિને મારા વિરુધ્ધ ખોટી ચડામણી કરતા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે ૧૮૧ ફોન કરીને આ કામના સામાવાળા નં. ૧ થી ૬ વિરુધ્ધ મારઝુડ તથા ઝઘડા કરતા હોવા અંગેની ફરીયાદ દાખલ કરી હોય તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૧ થી ૬ના એ મને દહેજ બાબતે કોઈ માનસિક શારીરીક ત્રાસ આપેલ નથી કે મેણાટોણા મારેલ નથી. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા મને એકવાર સમાધાન કરીને તેડી ગયેલ છે. એ વાત ખરી નથી કે મારે આ કામના સામાવાળા સાથે ઘરસંસાર ચલાવવો ન હોય તેથી હું ખોટી રીતે ઝઘડાઓ કરીને જેમફાવે તેમ બોલતી હતી. એ વાત ખરી નથી કે હું વારંવાર મારા માવતરના ઘરે આવતી રહેતી હતી. એ વાત ખરી નથી કે મારા સાસુ,સસરા તથા જેઠ,જેઠાણી,નણંદે મને મેણાટોણા મારેલ હોય કે ત્રાસ આપેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મારા નણંદ સાસરીમાં

રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા નણંદ પોતાના પીયરમાં આવતા હતા ત્યારે મેણાટોણા મારતા હતા. એ વાત ખરી છે કે આ કામના સામાવાળાનો પગાર પાત્રીસ હજાર તથા ૩ પ્લોટ, ૨ મકાન, ૪ દુકાનો, ૨ બાઈક તથા ગાડી અને બીજી બે દુકાનો તથા તે દુકાનોનું ભાડુ પંદર હાજર મેળવતા હોવા અંગેનો દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળાની મારા પ્રથમ લગ્નના સંતાન રેહાનની ભરણપોષણ તથા અન્ય જવાબદારીઓ ઉઠાવવાની કાયદેસરની જવાબદારી નથી. એ વાત ખરી નથી કે મારી અરજીમાં માંગ્યા મુજબની દાદ હું મેળવવા હકકદાર નથી. એ વાત ખરી નથી કે મે ઘરેલુ હીંસાની જોગવાઈનો દુરઉપયોગ કરીને સામાવાળાઓએ કોઈ શારીરીક માનસિક ત્રાસ આપેલ ન હોવા છતાં આ કામના સામાવાળાઓ વિરુધ્ધ હાલની ખોટી ઘરેલુ હીંસાની અરજી દાખલ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા વિરુધ્ધ પેપરમાં જાહેર નોટીસ આપવામાં આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા બે હાથ કામ કરતા નથી તે બતાવવા માટે મારી મમ્મી તથા પરીવાર સાથે નિકાહ પહેલા આ કામના સામાવાળાને ત્યાં ગઈ હતી ત્યારે સામાવાળાના અગાઉના લગ્નની પત્નિ છુટાછેડામાં સહી કરતી ન હોય તેથી આ જાહેર નોટીસ સામાવાળાઓએ તા.૨૪/૯/૨૦૨૦ના રોજ આપેલી. એ વાત ખરી છે કે હું રસોઈ કામ કરી શકવા સક્ષમ છું. એ વાત ખરી નથી કે મે પ્રોટેકશન ઓફીસરને ખોટી હકીકત જણાવેલ હોવાથી પ્રોટેકશન ઓફીસરે રજુ કરેલ રીપોર્ટ ખોટો હોય, હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

ફેરતપાસ નથી.

સ્થળ:- હળવદ.

તારીખ:- ૧૯/૦૬/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.